ઉત્સવની હવા ફેલાયેલી છે. ચારેબાજુ અત્તર અને ધૂપની સુવાસ છે. આ બધું આમ કેમ છે !

સ્મિત સહિત એમણે મને પૂછ્યું

- તમે આ બધું અનુભવી રહ્યાં છો?

- માત્ર હું એકલી જ નહિ, બીજા સાધકોને પણ આ શાંતિ અને આનંદના મોટા મોજાનો અનુભવ થઈ રહ્યો છે. અમે બધા આંતરિક આનંદમાં નાચી રહ્યા છીએ. શું થઈ રહ્યું છે, પ્રભુ!

- શાંત રહો અને જોયા કરો. આથી વધુ મહાન આનંદનું આગમન થવાનું છે.

*

**૨૪ નવેમ્બરની** સાંજ પડે તે પહેલાં બધા સાધકોને આશ્રમમાં ભેગા થવાનું કહેવામાં આવ્યું. બધા એક પછી એક શ્રી અરવિન્દના ઉપરના હૉલમાં જવા લાગ્યા. ધ્યાન થયું. ધ્યાન પછી શ્રી અરવિન્દ અને શ્રી માતાજી બંનેએ એમના બંને હાથ અમારા માથા ઉપર મૂકી અમને બધાને આશીર્વાદ આપ્યા. કહેવામાં આવ્યું 'મહાશક્તિ, પરમ ચૈતન્ય શક્તિનું શ્રી અરવિન્દના શરીરમાં અવતરણ થયું છે.'

હું પોતે જોઈ શકતી હતી કે શ્રી અરવિન્દના શરીરમાંથી ઝળઝળતા પ્રકાશનો પ્રવાહ બધી દિશામાં ગતિપૂર્વક પ્રસરી રહ્યો હતો.

*

**બીજે દિવસે** સવારે નિત્યક્રમ પ્રમાણે તુલસીની બે માળા લઈ હું શ્રી અરવિન્દના દર્શન કરવા ઉપર જતી હતી. બાજુમાંથી સંભળાયું 'શ્રી અરવિન્દ હવે રૂમની બહાર નહિ આવે, એમની રૂમમાં જ રહેશે.'

બંને માળા એમની રૂમના ઉંબરા ઉપર મૂકી હું નીચે ઊતરી આવી.

અમારા જીવનનું એક પ્રકરણ પૂરું થયું હતું.

**- જયાદેવી**

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • November 2018

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2018**
**NOVEMBER**
૧ નવેમ્બર ૨૦૧૮

## — Sublime Splendour —
## ——— ઝળઝળ ભવ્યતા ———

**1/2 ... ૧/૨**

... ...

With the calm and strong certitude that Thou wilt one day accomplish the expected miracle and manifest in its fullness Thy sublime splendour, we turn to Thee in a profound rapture, and silently implore Thee. ...

Immensity, Infinitude, Wonder. ... Thou alone art and Thou shinest resplendent in all things. ...

... ... - The Mother

July 4, 1914
Prayers and Meditations

... ...

એક અચલ અને દૃઢ ખાતરી રાખીને કે એક દિવસ અમે જે ચમત્કારની આશા રાખીએ છીએ તે તું સિદ્ધ કરશે અને પૂર્ણરૂપમાં તારો પરમ પ્રભાવ પ્રગટ કરશે, અમે એક ગહન આનંદમાં તારા પ્રતિ અભિમુખ થઈ મૌનમાં તને પ્રાર્થીએ છીએ. ...

વિશાળતા, અનંતતા, આશ્ચર્ય. ... તું એકલો જ અસ્તિત્વમાં છે અને તું જ સર્વમાં ઝળઝળ પ્રકાશમાન છે. ...

... ... - શ્રી માતાજી

૪ જુલાઈ ૧૯૧૪
પ્રાર્થનાઓ અને ધ્યાન

**[ In June 1926, Jayadevi and her younger brother Dr. Upendra Banerjee came from Kolkata to Pondicherry to have the Darshan of Sri Aurobindo. After her first Darshan, Jayadevi stayed on for almost five months. Here, in our Prosperity of November and December, we shall give for our readers in Jayadevi's own words some selected eventful happenings. - Editor**

**૧૯૨૬ના જૂન મહિનામાં કલકત્તાનાં જયાદેવી એમના નાના ભાઈ ડૉ. ઉપેન્દ્ર બેનરજી સાથે પૉંડિચેરી આવ્યાં. બીજે દિવસે સવારે શ્રી અરવિન્દને પહેલીવાર મળ્યા પછી એમને લગભગ ૫ મહિના શ્રી અરવિન્દની નિકટતામાં રહેવાનું થયું. એમના લેખમાંથી થોડાક પ્રસંગો નવેમ્બર અને ડિસેમ્બર મહિનાની પ્રોસ્પેરીટીમાં મૂકીએ છીએ - તંત્રીના મુક્ત અનુવાદમાં. ]**

Far back in 1926, I had an urge to visit Rameshwaram. My younger brother Upen (Dr. Upendranath Banerjee) casually said to me: "Sister, let's go to Pondicherry, you'd be able to see A.G. there." The initials stood for Aurobindo Ghose. "Let us". I replied. ... The day after reaching Pondicherry, at about eight the next morning, we went towards the Ashram to have A.G.'s darshan.

On the verandah A.G. was sitting on a chair. What a wonderful sight! It was as if light were flooding out from all sides. He was engaged in reading a newspaper. Holding the leg of his chair I sat down on the floor. With a smile he asked me: "From where have you come?" "Sir, we are from Calcutta." "What brought you here?" "I had a desire to visit Rameshwaram. But Upen said we should go to Pondicherry because a Mahapurusha lives there and I would be able to see him. I agreed and so I have come to see you." "Won't you be going to Rameshwaram?" he asked. "No. I shall not go there any more. Having seen the living Rameshwar, I have no need to see an image of stone." "Well, this human Rameshwar that you have seen, do you have faith in him?" "Oh yes, I have full faith." I answered.

Hearing this, he placed his hands on my head and gently said: "Then you may stay here. Better not to return to Calcutta. Stay and see how things develop," he said.

*

**November** came along. A strange feeling of joy took possession of all the sadhaks present. The whole of Pondicherry was fragrant with incense, a great delight seemed to be at play.

At the time of Sri Aurobindo's morning darshan I said, "Lord, for the last few days I have been filled with such a sense of peace and delight. The whole of Pondicherry has a festive air, one of incense and perfume everywhere. Why is it like this, Lord?"

Smiling, he said: "You are able to feel this?"

"Not only I but all the sadhaks are able to feel this great wave of peace and delight. We are dancing with inner joy. Why, O Lord?"

"Wait and see, there will be more delight to come," he said.

*

**On November 24** a little before evening all the sadhaks were asked to assemble. One after another we trooped to the upper hall. Sri Aurobindo and the Mother blessed us all with both hands. I was told: "Mahashakti, the Supreme Consciousness-Force, has descended into Sri Aurobindo." I could myself see light and glory bursting out of his body.

*

Next day, while going up carrying with me two garlands of tulasi leaves, I heard that Sri Aurobindo would not come out again but stay in his room.

Disappointed, I placed the garlands on the doorstep of his room and turned back.

A chapter of our life was over.

**- Jayadevi**

**નવેમ્બર મહિનો** શરૂ થયો. આનંદની એક નવી લાગણી બધા સાધકોની અંદર ઉભરાઈ રહી હતી. પ્રફુલ્લિત ચહેરે બધા સાધકો હરતા ફરતા દેખાતા હતા. આખું પોંડિચેરી શહેર ધૂપની સુગંધથી મહેકી રહ્યું હતું. એની હવામાં એક મોટા ઉત્સવનો આનંદ રમી રહ્યો હતો. હું વિચારતી રહી 'આ બધું શું થઈ રહ્યું છે !'

મારા રોજના સવારના દર્શન સમયે હું શ્રી અરવિન્દ પાસે ગઈ. મેં એમને પૂછયું:

- પ્રભુ આ બધું શું થઈ રહ્યું છે ? છેલ્લા થોડા દિવસથી હું અદ્ભુત શાંતિ અને આનંદથી ભરાયલી રહું છું. અમારા બધાના આનંદભર્યા ચહેરા ઉપર ચમકતી આંખો અને આનંદભર્યું સ્મિત દેખાય છે. આખા પોંડિચેરીમાં